ગાંધીનગર સમાચાર

# ગુજરાતનો મહાસંગ્રામ 2012

## ઉત્તર ગુજરાતમાં કોણ કોની સામે ?

| બેઠકનું નામ | ભાજપ | કોંગ્રેસ | પરિવર્તન |
|---|---|---|---|
| વાવ | શંકરભાઈ ચૌધરી★ | (એનસીપી) | અશોકભાઈ ચૌધરી |
| થરાદ | પરબતભાઈ પટેલ★ | માવજીભાઈ પટેલ | પ્રફુલ્લ ત્રિવેદી |
| ધાનેરા | વસંતભાઈ પુરોહિત | જોઈતાભાઈ કે પટેલ | -- |
| દાંતા (એસટી) | ગમાજી ખરાડી | કાંતિભાઈ કે ખરાડી | અશ્વિન મુળી |
| વડગામ (એસસી | ફકીરભાઈ વાઘેલા★ | મણિભાઈ જે વાઘેલા | નવિનભાઈ ગોરૈયા |
| પાલનપુર | ગોવિંદભાઈ પ્રજાપતિ★ | મહેશભાઈ પટેલ | મનુભાઈ વ્યાસ |
| ડીસા | લીલાધરભાઈ વાઘેલા★ | રાજેન્દ્ર ડી જોશી | અજમલજી ઠાકોર |
| દિયોદર | કેશાજી એસ ચૌહાણ | ગોવાભાઈ રબારી | વેલાભાઈ ચૌધરી |
| કાંકરેજ | કીર્તિસિંહ વાઘેલા | ધારશીભાઈ ખાનપુરા | ઈશ્વરભાઈ દેસાઈ |
| રાધનપુર | નાગરજી ઠાકોર | ભાવસિંહ રાઠોડ | મેમાભાઈ ચૌધરી |
| ચાણસ્મા | દિલીપસિંહ વી ઠાકોર | દિનેશભાઈ ઠાકોર | અરવિંદભાઈ પટેલ |
| પાટણ | રણછોડભાઈ રબારી | જોધાજી ઠાકોર | મોહનભાઈ પટેલ |
| સિદ્ધપુર | જયનારાયણ વ્યાસ★ | બલવંતસિંહ રાજપૂત | વશરામભાઈ પટેલ |
| ખેરાલુ | ભરતસિંહ એસ ડાભી★ | બાબુજી ઠાકોર | પ્રવિણભાઈ પટેલ |
| ઊંઝા | નારણભાઈ એલ પટેલ★ | ડૉ. આશાબેન પટેલ | શિવમ્ રાવલ |
| વિસનગર | ઋષિકેશભાઈ પટેલ★ | (એનસીપી) | મગનભાઈ માસ્તર |
| બહુચરાજી | રજનીભાઈ એસ પટેલ★ | રાજેન્દ્રસિંહ દરબાર | કિરીટભાઈ પટેલ |
| કડી (એસસી) | હિતેશભાઈ એન કનોડિયા★ | રમેશભાઈ ચાવડા | અમૃતભાઈ સેનમા |
| મહેસાણા | નીતિનભાઈ પટેલ★ | નટવરલાલ પી પટેલ | બાબુભાઈ પ્રજાપતિ |
| વિજાપુર | કાંતિલાલ આર પટેલ★ | પી આઈ પટેલ | પી એમ પટેલ |
| હિંમતનગર | પ્રફુલ્લભાઈ પટેલ★ | રાજુભાઈ ચાવડા | ભીમસિંહ ચૌહાણ |
| ઈડર (એસસી) | રમણલાલ વોરા★ | રામાભાઈ બી સોલંકી | ધીરુ અમીન |
| ખેડબ્રહ્મા (એસટી) | ભોજાભાઈ એચ મકવાણા | અશ્વિન કોટવાલ | છગનભાઈ સોલંકી |
| ભિલોડા | નીલાબેન મોડીયા | અનિલભાઈ જોશીઆરા | જયેશભાઈ ગામીત |
| મોડાસા | દિલીપસિંહ વી પરમાર★ | રાજેન્દ્રભાઈ ઠાકોર | અનંતભાઈ પટેલ |
| બાયડ | ઉદેસિંહ પી ઝાલા★ | મહેન્દ્રસિંહ વાઘેલા | પ્રકાશભાઈ પટેલ |
| પ્રાંતિજ | જયસિંહ ચૌહાણ | મહેન્દ્રસિંહ બારૈયા | નિખીલભાઈ પટેલ |
| દહેગામ | રોહિતજી ઠાકોર | કામિનીબેન રાઠોડ | અમિતભાઈ અમીન |
| ગાંધીનગર (દ) | શંભુજી ઠાકોર★ | જુગાજી ઠાકોર | એમ આર પટેલ |
| ગાંધીનગર (ઉ) | અશોક પટેલ | સુરેશ પટેલ | શૈલેષ પટેલ |
| માણસા | ડી ડી પટેલ | અમિતભાઈ એચ ચૌધરી | અમૃતલાલ પટેલ |
| કલોલ | ડૉ. અતુલભાઈ પટેલ | બળદેવજી ઠાકોર | ગોપાલભાઈ ઠાકોર |

★ વર્તમાન ધારાસભ્ય

### મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ અને શંકરસિંહની

# ચંડાળ ચોકડીએ કોંગ્રેસની દુર્દશા

# કરી : સીએમના ખ્વાબમાં રાચે છે

### અસંતુષ્ટ નરહરિ અમીનના નેતૃત્વમાં નારાજ નેતાઓ અને કાર્યકરોનું સંમેલન મળ્યું : કોંગ્રેસને હરાવવાનો નિર્ધાર

અમદાવાદ, તા. ૨
ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ જ કોંગ્રેસને હરાવે એવો માહોલ સર્જાયો છે. ટિકિટ ન મળવાથી નારાજ બનેલા કોંગ્રેસના અગ્રણી નરહરિ અમીનના નેતૃત્વમાં અમદાવાદના એસ.જી.હાઈવે પરના એક ફાર્મમાં અસંતુષ્ઠ નેતાઓ અને કાર્યકરોનું સંમેલન યોજાયું હતું જેમાં મોટાભાગના અસંતુષ્ઠ અગ્રણીઓએ પ્રદેશ અને રાષ્ટ્રીય કોંગ્રેસના અગ્રણીઓની ઝાટકણી કાઢી હતી. પ્રદેશના અગ્રણી નરેશ રાવળે તો અર્જૂન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ અને શંકરસિંહ વાઘેલાના નામનો ઉલ્લેખ કરીને તેમને ચંડાળ ચોકડી હોવાનું કરીને આ નેતાઓ મુખ્યમંત્રીના ખ્વાબમાં રાચી રહ્યાનો આક્ષેપ કર્યો હતો.

પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નરહરિ અમીને જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભામાં ૧૮૨ બેઠકો પરના ઉમેદવારોની પસંદગીમાં વહાલાં-દવલાની નીતિ અખત્યાર કરી છે. કોંગ્રેસે સનિષ્ઠ આગેવાનો અને કાર્યકરોને ટિકિટ ન આપતા તેના ગુજરાતભરમાં પ્રત્યાઘાતો પડ્યા છે. કેટલાક આગેવાનોએ ૨૫ થી ૩૦વર્ષ સુધી કોંગ્રેસમાં લોહી રેડ્યુ છે. એમને પણ ટિકિટ મળી નથી કોંગ્રેસ હાઈકમાન્ડે અન્યાય કર્યો છે. હવે શું કરવું તેનો સાથે બેસી નિર્ણય લઈશું. સ્ક્રીનીંગ કમિટીના ચેરમેન અને પ્રદેશના નેતાઓએ ૧૮૨ બેઠકોના ભાગલાં પાડ્યા છે. કોંગ્રેસ જ ટિકિટ ફાળવવા માટે જે નિયમો બનાવ્યા હતા. એનો જ ભંગ કરીને કેટલાકને ટિકિટો વહેંચી છે. નરેશ રાવળ અને હિંમતસિંહને ટિકિટ નહીં આપીને તેમને અપમાનીત કર્યા છે. કોંગ્રેસે બાપ-બેટાને ભાઈ-ભાઈને અને ત્રણ સાંસદોને પણ ટિકિટોની લહાણી કરી છે. જે ટિકિટો આપી છે જેથી કોંગ્રેસ સત્તા પર આવવાની નથી. મુઠ્ઠીભર લોકો કોંગ્રેસને ડૂબાડવાનું કાપી કરી રહ્યા છે. પ્રદેશ કોંગ્રેસમાં ડરપોક લોકો બેઠા છે. આવતા બે-ત્રણ દિવસમાં પરામર્શ કરીશું અને તા.૧૩મીએ અને તા.૧૭મીએ ચૂંટણીમાં શું કરવું તેનો નિર્ણય લઈશું. આપણે પ્રતિક્ષા લઈએ કે કોંગ્રેસને જીતાડવાનું કામ નહીં કરીએ. પ્રદેશના અગ્રણી નરેશ રાવળે કહ્યું હતું કે, અર્જૂન મોઢવાડિયા, શક્તિસિંહ અને શંકરસિંહ વાઘેલાની ચંડાળ ચોકડીએ કોંગ્રેસની દુર્દશા કરી છે આ ચંડાળ ચોકડીએ ટિકિટો રૂપિયા લઈને વેચી દીધી છે આ બધા મુખ્યમંત્રીના ખ્વાબમાં છે. તેમણે નિષ્ઠાવાનોને ટિકિટ નહીં આપવાનું ષડયંત્ર રચ્યુ હતું. આપણે કડવા નિર્ણયો લેવા પડશે ગુજરાતના જિલ્લે જિલ્લે પ્રવાસ કરીને ત્રીજીઆંખ ખોલવાનું પણ આહવાન કર્યું હતું. આ સંમેલનમાં તમામ અસંતુષ્ઠ અગ્રણીઓએ પોતાના પ્રવચનમાં આક્રોશ વ્યક્ત કર્યો હતો.

### બેઠકમાં કયા નેતાઓ હાજર...

નરહરિ અમીન, નરેશ રાવલ, હિંમતસિંહ પટેલ, બદ્રૂદીન શેખ, પંકજ શાહ, ઘનશ્યામ અમીન, રોહિત પટેલ, સુધીર નાણાવટી, નરપતસિંહ ચાવડા, પરિમલ સોલંકી, ખુરશીદ સૈયદ, કરસનદાસ સાનેરી, ઈર્શાદ શેખ, રેખાબેન ચૌધરી, હસનલાલા, નાઝનીન બાસ્તાવાલા, વિરજી ઠુમ્મર, નાઝનીન બાસ્તાવાલા, વિક્રમ ભરવાડ, અમરીશ પટેલ, કિરીટ પટેલ, આશીષ અમીન, જે.બી.પટેલ, દશરથ પટેલ, બગીરથસિંહ, રઘુ દેસાઈ, જયેશ પટેલ, પંકજ પટેલ, જયંતિલાલ પરમાર, સાબીર કાબલીવાલ વગેરે.....

### કોંગ્રેસના અસંતુષ્ઠ ગણાતા કયા નેતાઓ શું બોલ્યા....

નરહરિ અમીન : કોંગ્રેસે બાપ-બેટા, ભાઈ-ભાઈને ટિકિટો આપી છે, કોંગ્રેસ સત્તામાં આવશે નહીં, મુઠ્ઠીમાર લોકો કોંગ્રેસને ડૂબાડવાનું કામ કરી રહ્યા છે. પ્રદેશના નેતાઓ ડરપોક છે, આપણે પ્રતિજ્ઞા લઈએ કોંગ્રેસને જીતાડવાનું કામ નહીં કરીએ.

નરેશ રાવલ : કોંગ્રેસની ચંડાળ ચોકડીએ પક્ષનું દુર્દશા કરી છે હવે ત્રીજી આંખ ખોલવાનો સમય પાકી ગયો છે, ટિકિટ નથી મળી એમના માટે.... ઈનકા કસુર હે કે યે બેકસુર હે.

પંકજ શાહ : કોંગ્રેસના સ્ક્રીનીંગ કમિટીના ચેરમેન સી.પી.જોશીએ ૨૨ કોર્પોરેટરોની સાથે અમારૂં અપમાન કર્યું હતું.

બદરૂદ્દીન શેખ : બેવાર હાર્યા એને ટિકિટ ન અપાય એવો ક્રાઈટએરિયા હતો તો કોંગ્રેસે ઘેર બેસી જવું જોઈએ.

દિગ્વિજયસિંહ ગોહિલ : દિલ્હીમાં ઉમેદવારોનું લીસ્ટ લેવા ગયેલા હીજડાઓ છે. કોંગ્રેસની સભામાં નેતાઓના લૂંગડા ફાડો.

ખુરશીદ સૈયદ : ટિકિટમાં સગાવાદ, જાતિવાદ અને રૂપિયા ચાલ્યા છે.

રઘુ દેસાઈ : કોંગ્રેસના નેતાઓ કાર્યકરોને મારી નાંખીને એમની પર લઘુશંકા કરે એવા છે. કોંગ્રેસ જીતવાની નથી એમનું નખ્ખોદ વળવાનું છે.

નરપતસિંહ ચાવડા : કોંગ્રેસમાં ખુશામત ખોરોને સાચવવાની જાતિ છે.

ઈર્શાદ શેખ (કોર્પોરેટર) : ડો.સી.પી જોશીને સરકસમાં હોવું જોઈએ એના બદલે સરકાર ચલાવે છે.

હિંમતસિંહ પટેલ : લાગણી દિલ્હી પહોંચાડી છે આ કોંગ્રેસના ઘરની બાબત છે.

રેખા ચૌધરી : ટિકિટ નહીં આપીને નાક કાપ્યા બાદ રાજીવ શુક્લા ફેવિકોલ લઈને નાક જોડવા દોડ્યા હતા.

# પહેલા તબક્કાની ચૂંટણીમાં અમદાવાદ જિલ્લાની ચાર બેઠકો વીરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકાનો પણ સમાવેશ થાય છે

**॥ સૌરાષ્ટ્રનું સમરાંગણ - ૨ ॥**

પહેલા તબક્કાની ચૂંટણીમાં અમદાવાદ જિલ્લાની ચાર બેઠકો વીરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકાનો પણ સમાવેશ થાય છે. અમદાવાદ જિલ્લામાં ગણાતા આ વિસ્તારો જનસાધારણ માટે તો સૌરાષ્ટ્રના જ વિસ્તારો છે. એમની તાસીર પણ સૌરાષ્ટ્રને જ મળતી આવે છે. સાણંદ બેઠક આ વખતે નવી બની છે. ભાજપના ઉમેદવાર કમાભાઈ રાઠોડ એમની જૂની બેઠક પર હતા એટલા અહીં સલામત નથી. એમના નાડોદ સમાજના મતદારો કરતાં કોળી પટેલ મતદારો ઘણા વધારે છે અને કોગ્રેંસે અહીં કોળી ઉમેદવાર ઊભો રાખ્યો છે. તદુપરાંત પરિવર્તન પાર્ટીના પટેલ ઉમેદવાર પણ ભાજપની જ મતદાર બેંકમાં ગાબડું પાડશે. વીરમગામ બેઠક પર ખૂબ પાતળી સરસાઈથી હારેલાં કોગ્રેંસી ઉમેદવાર ડૉ. તેજસ્વિની પટેલને કોગ્રેંસ રિપીટ કર્યાં છે. આ વખતે એમના માટે જીતવાની તકો વધુ ઊજળી ગણાય છે. જો કે ભરવાડ નેતા અને કેન્દ્રીંય મંત્રી ભરતસિંહ સોલંકીના અંગત માણસ ગણાતા લાખાભાઈ ભરવાડ ટિકિટ ન મળતાં નારાજ થયા છે, એ મુદ્દો કોગ્રેંસ જીતવાની તકો પર અસર જરૂર પાડી શકે. અહીં પરિવર્તન પાર્ટીના ઉમેદવારનું નામાંકન ટેકનિકલ કારણોસર રદ થતાં બેઉ પાટીદાર ઉમેદવારો વચ્ચે સીધી સ્પર્ધા છે. નરેન્દ્ર મોદીના નામે અગાઉ તરી ગયેલા ઉમેદવારોએ આ વખતે બદલાયેલા સંજોગોમાં પોતાના જોરે તરવાનું છે. એમની સામે 'ઍન્ટી-ઈન્કમ્બન્સી ફૅકટર' પણ ઘુરકિયાં કરી રહ્યો છે. પ્રાગજીભાઈની સરખામણીમાં આ બેઠક પર સૌમ્ય-સરળ મહિલા તબીબ ડૉ. તેજસ્વિની બહેનની તકો દેખીતી રીતે ઉજળી છે. ધોળકાની બેઠક પર ગઈ ચૂંટણીમાં પરાજયનો અનુભવ કરી ચૂકેલા ભાજપના વરિષ્ઠ અગ્રણી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માટે આ પ્રતિષ્ઠાની ચૂંટણી છે. જો આ વખતે પણ કિસ્મત યારી નહીં આપે તો પક્ષ માટે એ કશા કામના નહીં રહે. ચુડાસમાને પાટીદાર કોમના મત મેળવવામાં મુશ્કેલી પડશે, કારણ તે કેશુબાપાએ અહીં પટેલ ઉમેદવાર મૂકી દીધો છે. ધંધુકાની બેઠક પર વર્ષો અગાઉ કોગ્રેંસના ધુરંધરો મજૂર નેતા નટવરલાલ શાહનો દબદબો હતો. આ વખતે કોગ્રેંસે મહેન્દ્ર શાહને મેદાનમાં ઉતારી આ બેઠક પરત મેળવવાનું ગણિત માંડ્યું છે. ભાજપે લાલજીભાઈ મેરને ઉમેદવાર બનાવ્યા છે. ગઈ ચૂંટણીમાં આ બેઠક પર અપક્ષ મેર ઉમેદવાર ચૂંટાયા હતા.ભાજપના યુવા પ્રવકતા અને પૂર્વ ધારાસભ્ય ભરત પંડ્યાની મનની મનમાં રહી ગઈ છે. કોગ્રેંસ પક્ષ તરફથી માજી મુખ્યમંત્રી દિલીપ પરીખે પણ આ બેઠક પર ચૂંટણી લડવાની ઈચ્છા દર્શાવી હતી, પરંતુ નરહરિ અમીનની જેમ એમને પણ હાઈ કમાંડે નક્કી કરેલાં ધારાધોરણો નડ્યાં છે.

સાણંદની બેઠક પર 'નેનો' ફૅકટરી લઈ આવનાર ભાજપ માટે ઊજળી તકો હતી, પરંતુ અહીં ભાજપે નાડોદા રાજપૂત કમાભાઈ રાઠોડને ઉમેદવાર બનાવ્યા છે. જે 'આયાતી' છે. એમને બેઠક બદલવી પડી છે. બાવળા પંથકના કારડિયા રજપૂત આગેવાન કાનભાએ બળવો પોકારતાં ભાજપ મુશ્કેલીમાં મુકાઈ ગયેલ છે. કોગ્રેંસના ઉમેદવાર કમશીભાઈ કોળી પટેલ માટે ઊજળી તકો ઊભી થવા પામી છે. લીંબડી બેઠક પર કયારેક કોગ્રેંસી ઉમેદવાર તરીકે વિજયી બનેલા ભવાન ભરવાડ એમના પ્રતિસ્પર્ધી કિરીટ સિંહ રાણા સામે ૨૦૦૭ની ચૂંટણીમાં હારી ગયા પછી ભાજપ સાથે જોડાયા હતા. આ વખતે ધુરંધર કોગ્રેસી કોળી આગેવાન અને સંસદ સભ્ય સોમાભાઈ ગાંડાભાઈ ભાજપના કિરીટીસિંહ સામે મેદાનમાં ઊતરકાં જંગ જામશે. દસાડાની અનુસૂચિટ જાતિની અનામત બેઠક પરથી વર્ષઓ અગાઉ કોગ્રેંસી નેતા શાંતાબેન ચાવડાની રાજકીય કારકીર્દી શરૂ થઈ હતી.

શાંતાબેન પછી વરિષ્ઠ કોગ્રેંસી નેતાએ પછી અહીં ફકીરભાઈ વાઘેલાનો દબદબો રહ્યો, પરંતુ ગઈ વખત મોદીએ એમને દસાડામાં 'નો રીપીટ' થિયરી અન્વયે દરવાજો દેખાડતાં ફકીરભાઈએ એમની હાઈકમાંડ સાથેની વગના આધારે વડગામ બેઠક મેળવી હતી. છેલ્લે આ બેઠક પર દલિત સમાજના ધાર્મિક અગ્રણીને ચૂંટાવી લાવવામાં ભાજપને સફળતા સાંપડી હતી. વારાફરતી કોગ્રેંસ અને ભાજપને મળતી રહેતી આ બેઠક પર ભાજપ અને કોગ્રેંસના બે 'મકવાણા' ટકરાશે. થાનગઢના દલિત હત્યાંકાંડના છાંટા ભાજપી મકવાણાને દઝાડે એવી પૂરી શકયતા છે. બલકે દલિત મતો ધરાવતા દરેક મત વિસ્તાર પર અને વિશેષ પણે અનામત બેઠકો પર આ મુદ્દો વધતેઓછે અંશે છવાયેલો રહે તેવી શકયતા છે. વઢવાણ બેઠક પર કોગ્રેંસના જૂના જોગી હિંમાંશુ વ્યાસ ૨૦૦૭ની ચૂંટણીમાં ભાજપનાં વર્ષાબેન દોશી સામે ૬૯૩૧ મતના માર્જિનથી હાર્યા હતા. ફરીવાર બેઉ પ્રતિસ્પધીઓ વચ્ચે ટક્કર થઈ રહી છે. ભાજપનો ગઢ ગણાતી આ બેઠક પર ૨૦૦૨માં ભાજપના ધનરાજ કેલ્લા વિજયી બન્યા હતા. વર્ષો પૂર્વે માધવસિંહ સોલંકીના મંત્રીમંડળના સભ્ય ત્ર્યંબકભાઈ ટ્રોલીવાળા આ બેઠક પર વિજયી બનેલા, ત્યારપછી આ બેઠક પર ભાજપનો દબદબો રહ્યો છે. વરિષ્ઠ કોગ્રેંસી અગ્રણી અરવિંદ સંઘવીને પાર્ટીની થિંક ટેંક ગણાતા રહ્યા છે. કોગ્રેંસની સરકારમાં તેઓ નાણાંમંત્રી રહી ચૂક્યા છે. કોગ્રેસના સંનિષ્ઠ અગ્રણી સ્વ. કરમશી મકવાણા અને સવશી મકવાણાનો સમય પૂરો થયો છે. ચોટીલાની વિધાનસભાની બેઠક ઉપરાંત સુરેન્દ્રનગર સંસદીય વિસ્તાર પર આ કોળી આગેવાનોની ભારે પકડ હતી. સનત મહેતા સુરેન્દ્રનગર મત વિસ્તારમાંથી સંસદ સભ્ય બની શક્યા હતા તે આ કોળી આગેવાનોના સહયોગને જ કારણે. ૨૦૦૯ની ચૂંટણીમાં ૧૭૨૧ મતના સાંકડા તફાવતથી કોગ્રેંસના પોપટભાઈ જીંઝરિયા સામે હારેલા શામજીભાઈ ચૌહાણને ભાજપે રિપીટ કર્યા છે. નવા સીમાંકનથી ચોટીલા બેઠકમાં ઘણો ફેરફાર થયો છે. આ વખતે સાયલા તાલુકાનો વિસ્તાર લીંબડી બેઠકમાં ભેળવી દેવાયો છે. જ્યારે મૂળી તાલુકાનો વિસ્તાર ચોટીલા બેઠકમાં સમાવાયો છે.



**ચૂંટણી ચક્રવ્યૂહ**

- યુયુત્સુ દેસાઈ

નોંધપાત્ર હકીકત છે કે ભાજપના પ્રવકતા અનો મુખ્યમંત્રીના અંગત વિશ્વાસુ ગણાતા ઈંદ્રવિજયસિંહ જાડેજાને આ વખતે ધ્રાંગધ્રાની એમની પરંપરાગત બેઠકથી વંચિત રખાયા છે. આ બેઠક પર પાટીદાર ઉમેદવાર જીતી શકે એવી ગણતરીથી બેઉ મુખ્ય પક્ષોએ પટેલ ઉમેદવાર મૂક્યા છે. પરિવર્તન પાર્ટીના દલવાડી ઉમેદવાર ભાજપના જ મતોમાં ગાબડું પાડશે તે નક્કી છે. સૌરાષ્ટ્રની બેઠકોમાં જેમને પ્રતિષ્ઠાની બેઠકો ગણી શકાય તેવી બેઠકો છે. ભાવનગર (ગ્રામ્ય), વીસાવદર, પોરબંદર, ગોંડલ, રાજકોટ(પશ્ચિમ) અને જામનગર (ગ્રામ્ય). વીસાવદર અને ગોડલની બેઠકો પરથી જીપીપીના ધુરંધરો કેશુભાઈ પટેલ અને ગોરધન ઝડફિયા મેદાનમાં છે, તો ભાવનગર (ગ્રામ્ય) મતવિસ્તારમાં વિધાનસભામાં વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને મોદી મંત્રી મંડળના સૌથઈ વિવાદાસ્પદ મંત્રી, કોળી પટેલ સમાજના નેતા પુરષોત્તમ સોલંકી વચ્ચે ટક્કર છે. જામનગર(ગ્રામ્ય) બેઠક પરથી ભાજપના વર્તમાન પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ મેદાનમાં છે. પોરબંદર બેઠક પરથી કોગ્રેંસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા ભાજપ સરકારના પૂર્વ મંત્રી બાબુલાલ બોખરિયા સામે ઝઝૂમશે.

રાજકોટ (પશ્ચિમ) વજુભાઈવાળા માટે પ્રતિષ્ઠાની બેઠક છે. વીસાવદરની બેઠક પર કેશુભાઈ પટેલ સામે એક સમયના એમના વિશ્વાસુ અનુચર અને મોદી મંડળના કેશુભાઈના માણસ તરીકે સમાવાયેલા કનુભાઈ ભાલાળા મેદાનમાં છે. એક રીતે આ ગુરુ ચેલાની લડાઈ છે. કેશુભાઈ પટેલનું માન જાળવવા માટે કોગ્રેંસે યુક્તિપૂર્વક એમની વિરૂદ્ધ ઉમેદવાર ઊભો રાખેલ નથી. ભાજપના સંસ્થાપક મોવડીનો એટલો મલાજો ભાજપ નથઈ જાળવી શક્યો તે સમયની તાસીર છે. ભાજપે નવજોત સિધ્ધુ જેવા મગજ વગરના સરદારજીને કેશુભાઈ જેવા ધુરંધરની વિરુધ્ધ બેફામ બેંટિગ કરવા મોકલી આપીને એનું પોત પ્રકાશી દીધું છે. એથી કેશુભાઈ પ્રત્યે સહાનુભૂતિનું મોજુ સરજાયું છે અને એનો લાભ કેશુભાઈની પાર્ટીના અન્ય ઉમેદવારોને પણ મળશે. અહીં કેશુભાઈ પટેલની જીત નિશ્ચિંત છે એમ ભાવનગર (ગ્રામ્ય) વિસ્તારમાં શક્તિસિંહ ગોહિલનો વિજય પણ ભીંત પર આલેખાયેલા અક્ષરો જેટલો સ્પષ્ટ છે. કોળી આગેવાન પુરષોત્તમ સોલંકીને મને કમને આ બેઠક પર ઉભા રહેવું પડ્યું છે. એમનો જનો મતવિસ્તાર હોવા છતાં એના નવા સીમાંકનને કારણે એમને એ ફળે એમ લાગતું નથી.

ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ કોઈ આગવી પ્રતિભા ધરાવતા નેતા નથી, પરંતુ પદ પર હોવાને કારણે એમની બેઠક પ્રતિષ્ઠાની ગણાય. એમની જૂની બેઠક કાલાવાડ આરક્ષિત થઈ જતાં એમને આખરે નવી સલામત લાગતી બેઠક શોધવી પડી છે. પોરબંદરની બેઠક પર અર્જુન મોઢવાડિયા એમની કામગીરી અને લોકપ્રિયતા તથા સ્વચ્છ ઈમેજના મુદ્દે વિજયી બનશે. એમાં શંકાને સ્થાન નથી. ખરડાયેલી ઈમેજ છતાં લોકપ્રિયતા અને નેટવર્કને કારણે વજુભાઈ વાળાને રાજકોટ (પશ્ચિમ)ની બેઠક જીતવામાં ખાસ તકલીફ નહીં પડે. ગોંડલની બેઠક પર ગોરધન ઝડફિયા લેઉવા પ [redacted] ઉમેદવાર તરીકે [redacted] ાયા છે. ખોડલધ [redacted] લન પછી ઝડફિયા [redacted] ોના સૌથી મહત્વન [redacted] કે ઉપસી આવેલ [redacted] અગ્રણી વિઠ્ઠલભ [redacted] ી કુંવરજી બાવળિ [redacted] ની બેઠકો જીતી લા [redacted] સોમાભાઈ પટેલની [redacted] ાની બેઠક જ ગણા [redacted] જપ માટે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને પુરષોત્તમ સોલંકીની બેઠકો પણ પ્રતિષ્ઠાની જ ગણાય. મહેન્દ્ર ત્રિવેદી જેવા સૌમ્ય, સાલસ અને લોકાભિમુખ નેતાને અવગણીને પણ ભાજપે ભાવનગરમાં જોખમ જ વહોર્યું છે, એમ કહેવામાં અતિષયોક્તિ નથી. મહેન્દ્ર ત્રિવેદી હાલમાં પવિત્ર યાત્રાધામ બોર્ડના અધ્યક્ષ તરીકે કાર્યરત છે. ભાવનગરના ભાજપના ઉમેદવારોને જિતાડવા માટે સાંસદ રાજેન્દ્રસિંહ રાણાને કેટલો રસ હોઈ શકે, તે પણ સમજી શકાય એમ છે. રાજેન્દ્રસિંહ રાણા ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ ઉપરાંત મોદીના કટ્ટર વિરોધી સંજય જોશઈના પરમ સ્નેહી છે. સંજય જોશીને મોદીના ઈશારે બલકે એમના હઠાગ્રહનો વશ થઈ ભાજપના પ્રાથમિક સભ્ય પદેથી પણ રાજીનામું આપવું પડ્યું હતું તે કોણ નથી જાણતું? સંઘ કદાચ સંજય જોશીને ગુજરાત આવતા અટકાવી શકે, પરંતુ સંજય જોશી સાથે અંતઃકરણથી સંકળાયેલા કાર્યકરોને એ ભાજપની તરફેલમાં સક્રિય થવાની ફરજ થોડી જ પાડી શકશે? જૂનાગઢ શહેરમાં મહેન્દ્ર મશરૂ અને મહુવામાં ડૉ. કનુભાઈ કળસરિયા પોતીકી પ્રતિભા ધરાવતા લોક-ઉમેદવાર ગણાય છે. મશરૂ પાસે ભાજપનું પ્રતિત ન હોય તો પણ કશો ફરક ન પડે; કનુભઆઈ કળસરિયાને આધુનિક યુના સત્યાગ્રહી લોકસેવક તરીકે સ્વેચ્છાએ ભાજપ છોડીનો સદ્ભાવના પાર્ટી બનાવવી પડી છે. સદ્ભાવના પાર્ટી એ એક લોકશાહીનો પ્રયોગ છે. લોકજાગૃતિની કસોટી લેખે એની નોંધ લેવાવી જોઈએ.